TRENDS IN AGRICULTURE SCIENCE
ISSN:2583-7850

**Popular Article**
Domain: Agriculture Science
Vol 5 Issue 8, August 2026, 1100-1103

# પ્રાણીઓમાં થતો મંકીપોક્સ રોગ (Monkeypox)

ડો. કે. જે. પટેલ, ડો. જે. આર. ડામોર
doi.org/10.5281/TrendsinAgriculture.22112839

## મંકીપોક્સ શું છે?

મંકીપોક્સ હાલમાં **Mpox** તરીકે ઓળખાય છે, જે એક ઝૂનોટિક (Zoonotic) વિષાણુજન્ય રોગ છે, આ રોગ પ્રાણીઓ અને મનુષ્યો એમ બંનેમાં થઈ શકે છે. Mpox રોગ પોક્સવિરીડે (**Poxviridae**) પરિવારના ઓર્થોપોક્સ (**Orthopoxvirus**) જૂથના વાયરસ દ્વારા થાય છે. મંકીપોક્સ વાયરસ એક એનવેલોપ્ડ ડબલ-સ્ટ્રેન્ડેડ DNA વાયરસ છે.

મંકીપોક્સ વાયરસ આનુવંશિક રીતે બે મુખ્ય ક્લેડમાં વહેંચાયેલો છે:

૧. મધ્ય આફ્રિકન (કોંગો બેસિન) ક્લેડ

૨. પશ્ચિમ આફ્રિકન ક્લેડ

માહિતી અનુસાર કોંગો બેસિન ક્લેડ વધુ ગંભીર અને વધુ ચેપી માનવામાં આવ્યો છે.

## મંકીપોક્સનો કુદરતી યજમાન:

મંકીપોક્સનો ચોક્કસ કુદરતી રિઝર્વોયર (યજમાન) હજુ સંપૂર્ણપણે જાણી શકાયો નથી, પરંતુ અનેક જંગલી સસ્તન પ્રાણીઓમાં તેનો ચેપ જોવા મળ્યો છે. તેમાં મુખ્યત્વે:

- દોરડાની ખિસકોલી (Rope squirrel)
- વૃક્ષની ખિસકોલી (Tree squirrel)
- ગેમ્બિયન પાઉચ્ડ ઉંદર (Gambian pouched rat)
- ડોર્માઈસ/એક પ્રકારનું નાનું ઉંદર જેવું પ્રાણી (Dormice)
- વિવિધ પ્રકારની ઉંદરની પ્રજાતિઓ
- બિન-માનવ પ્રાઈમેટ/(વાંદરા) (Non-human primate)

ધ્યાનમાં રાખવું જરૂરી છે કે દરેક સંક્રમિત પ્રાણી વાયરસ ફેલાવે જ એવું જરૂરી નથી. આકસ્મિક યજમાન (Accidental host) અને રિઝર્વોયર યજમાન (Reservoir host) વચ્ચે તફાવત હોય છે. સાચો રિઝર્વોયર યજમાન પોતાની પ્રજાતિમાં વાયરસનું સંક્રમણ જાળવી રાખી શકે છે.

## શું પાલતુ પ્રાણીઓને પણ મંકીપોક્સ થઈ શકે?

તાજેતરમાં થયેલ સંશોધન અનુસાર ઉંદર અને પ્રાઈમેટ સૌથી વધુ સંવેદનશીલ માનવામાં આવે છે, પરંતુ કેટલાક ઘરેલું પ્રાણીઓમાં પણ ચેપ થવાની સંભાવના રહેલી હોય છે. સંભવિત સંવેદનશીલ પ્રાણીઓ જેવા કે:

- પ્રેરી ડોગ (Prairie dog)
- ગેમ્બિયન પાઉચ્ડ ઉંદર (Gambian pouched rat)
- ખિસકોલી (Squirrel)
- કૂતરો (Dog)
- માર્મોટ (Marmot)
- ગ્રાઉન્ડહોગ (Groundhog)
- ચિનચિલા (Chinchilla)
- વાંદરા (Monkeys / Primates)

## શ્વાનમાં પ્રથમ નોંધાયેલ કેસ:

વર્ષ ૨૦૨૨માં ફ્રાન્સના પેરિસ શહેરમાં પ્રથમ વખત એક પાલતુ ઇટાલિયન ગ્રેહાઉન્ડ કૂતરામાં મંકીપોક્સનો કેસ નોંધાયો હતો. તેના બંને માલિકોને મંકીપોક્સ થયો હતો અને સંક્રમિત વ્યક્તિની ચામડીના જખમના સીધા સંપર્કથી કૂતરામાં ચેપ ફેલાયો હોવાનું માનવામાં આવ્યું હતું. આ ઘટના દર્શાવે છે કે માણસમાંથી પ્રાણીઓમાં ચેપ ફેલાઈ શકે છે, પરંતુ હાલમાં એવા પૂરતા પુરાવા ઉપલબ્ધ નથી કે શ્વાન અન્ય શ્વાનોમાં અથવા મનુષ્યોમાં સરળતાથી ચેપ ફેલાવે છે.

## મંકીપોક્સ કેવી રીતે ફેલાય છે?

મંકીપોક્સ ચેપ નીચેના માર્ગો દ્વારા ફેલાઈ શકે છે:

- ચેપગ્રસ્ત પ્રાણીઓના સીધા સંપર્કથી,
- ચેપગ્રસ્ત મનુષ્યના નજીકના સંપર્કથી,
- ફોલ્લા, સ્કેબ્સ અથવા જખમના પ્રવાહી દ્વારા,
- શરીરના પ્રવાહી, ખાસ કરીને શ્વસન સ્ત્રાવ દ્વારા,
- લાળ દ્વારા,
- દૂષિત પથારી, કપડાં, ટુવાલ અથવા અન્ય વસ્તુઓ દ્વારા,
- પાલતુ પ્રાણીને આલિંગન, ચાટવું અથવા સાથે સૂવાથી

## પાલતુ પ્રાણીઓમાં મંકીપોક્સના લક્ષણો:

ચેપગ્રસ્ત પ્રાણીઓમાં નીચેના મુજબના લક્ષણો જોવા મળી શકે:

- તાવ આવવો
- થાક લાગવો
- ભૂખમાં ઘટાડો

- ઉધરસ થવી
- નાકમાંથી સ્ત્રાવ વહેવો
- આંખમાં સોજો જોવા મળવો
- પેટ ફૂલવું
- શરીર પર ફોલ્લા અથવા પિમ્પલ જેવા જખમ થવા
- કૂતરામાં ખાસ કરીને પેટ અને ગુદાના આસપાસ નવા ફોલ્લા દેખાઈ શકે છે.

જો સંભવિત સંપર્ક પછી **૨૧ દિવસની અંદર** આવા લક્ષણો જોવા મળે, તો તરત જ પશુચિકિત્સકનો સંપર્ક કરવો.

## જો પાલતુ પ્રાણીઓમાં મંકીપોક્સ રોગની શક્યતા હોય તો શું કરવું?

- પાલતુ પ્રાણીને અન્ય પ્રાણીઓથી અલગ રાખો.
- બીમાર પ્રાણીને ઓછામાં ઓછા ૨૧ દિવસ અથવા સંપૂર્ણ સાજા થાય ત્યાં સુધી અલગ રાખો.
- તુરંત જ પશુચિકિત્સકનો સંપર્ક કરો.
- હાથ વારંવાર સાબુથી ધોવો.
- પાલતુ પ્રાણીની સંભાળ દરમિયાન મોજાં, માસ્ક, આંખની સુરક્ષા અને જરૂરી હોય તો ગાઉન પહેરો.
- પાલતુ પશુની પથારી, વાસણો અને અન્ય ઉપયોગની વસ્તુઓ યોગ્ય રીતે જંતુમુક્ત કરો.

## જો પાલતુ પ્રાણીઓમાં મંકીપોક્સ રોગની શક્યતા હોય શું ન કરવું જોઈએ?

- પાલતુ પ્રાણીને ત્યજી દેવું અથવા ઈચ્છામૃત્યુ આપવી નહીં.
- આલ્કોહોલ, હાઇડ્રોજન પેરોક્સાઇડ, સેનિટાઇઝર અથવા ઔદ્યોગિક ક્લીનરથી પ્રાણીને ધોવું નહીં.
- પશુચિકિત્સકની સલાહ વિના કોઈ દવા આપવી નહીં.

## સારવાર:

હાલમાં મંકીપોક્સ માટે કોઈ વિશિષ્ટ મંજૂર સારવાર ઉપલબ્ધ નથી. ગંભીર દર્દીઓમાં ડૉક્ટરની સલાહ મુજબ શીતળા માટે ઉપયોગમાં લેવાતી કેટલીક એન્ટિવાયરલ દવાઓ, જેમ કે Tecovirimat અથવા Brincidofovir ઉપયોગમાં લેવામાં આવી શકે છે.

પ્રાણીઓમાં સારવાર મુખ્યત્વે સહાયક (Supportive Treatment) હોય છે અને પશુચિકિત્સકના માર્ગદર્શન હેઠળ આપવામાં આવે છે.

## રસીકરણ:

મંકીપોક્સ રોગ સામે રક્ષણ માટે ઉપયોગમાં લેવાતી Imvanex® (Modified Vaccinia Ankara) રસી શીતળા સામે વિકસાવવામાં આવી હતી. પ્રાણીઓમાં તેના રક્ષણાત્મક પ્રભાવનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

## સાવચેતી જ શ્રેષ્ઠ બચાવ:

- બીમાર વ્યક્તિ અને પાલતુ પ્રાણીઓ વચ્ચેનો સંપર્ક ટાળવો જોઈએ.
- પાલતુ પ્રાણીઓને જંગલી પ્રાણીઓથી દૂર રાખવા જોઈએ.
- હાથની યોગ્ય સ્વચ્છતા જાળવવી.
- કોઈપણ અસામાન્ય ફોલ્લા અથવા લક્ષણો જણાય તો તરત પશુચિકિત્સકનો સંપર્ક કરવો.
- અફવાઓ પર વિશ્વાસ ન કરો અને પાલતુ પ્રાણીઓનો ત્યાગ ન કરવો.

## નિષ્કર્ષ:

મંકીપોક્સ એક મહત્વપૂર્ણ ઝૂનોટિક રોગ છે, જે કેટલાક સંજોગોમાં મનુષ્ય અને પ્રાણીઓ વચ્ચે ફેલાઈ શકે છે. જોકે પાલતુ પ્રાણીઓમાં ચેપના કેસો અત્યંત દુર્લભ છે, તેમ છતાં સાવચેતી રાખવી જરૂરી છે. યોગ્ય સ્વચ્છતા, સમયસર નિદાન અને પશુચિકિત્સકની સલાહ દ્વારા આ રોગના ફેલાવાને અસરકારક રીતે નિયંત્રિત કરી શકાય છે.